હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

બાબા... જે પક્ષને સપોર્ટ કરતા હતાં તે જીતી ગયા છે... હવે તમે જાવ... બાબાએ ત્રેફ્ર સન્યાસ લઈ લીધો છે...!!

સાધુના વેશમાં ફરતા ધુતારાએ સે-૭ના વેપારીની વીંટી રાખ બનાવી દીધી...!

સાધુએ ચાંદીની વીંટી સરકાવી લઈ રાખનું પડીકું વેપારીને પકડાવી દઈ કહ્યું 'બચ્ચા તું બહોત તરક્કી કરેગા...'

વેપારીના પિતાએ તેને પકડીને થેલામાંથી ચાંદીની વીંટી કઢાવી : ધુતારો ભાગી ગયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં સાધુના વેશમાં ફરતા ધુતારાઓ વધી ગયા છે. ભીક્ષાના બહાને ભગવા પહેરીને ફરતા આ ધુતારાએ ભોળા વ્યકિતને શોધી કાઢી તેમના ઉજ્જવળ ભવિષ્ય કરવાના સપનાઓ બતાવી ધૂતી લેતા હોય છે. આવો જ એક ધૂતારો ગઈ કાલે સેકટર-૭માં ફરતો હતો સે-૭ સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષમાં એક દરજીની દુકાનમાં ઘુસીને વેપારીને વિશ્વાસમાં લઈ તેણે પહેરેલી ચાંદીની વીંટીનો ચુનો લગાવી દીધો હતો. જો કે વેપારીના પિતાની સમયસુચકતાથી ધુતારો સેકટર-૭ છોડે તે પહેલા હાથ લાગી ગયો હતો અને તેની બેગ ફંફોસતા ચાંદીની વીંટી પણ મળી ગઈ હતી. જો કે ધુતારો વીંટી આપીને ભાગી ગયો હતો. આ મામલે કોઈ પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી.

મળતી માહિતી મુજબ ગઈ કાલે બપોરે સાધુના વેશમાં ધુતારો સેકટર-૭ની દુકાનોમાં ફરીને પોતાનો શિકાર શોધતો હતો. સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષમા ભોંયરામાં આવેલી દરજીની દુકાનમાં આ ધુતારો પહોંચી ગયો અને સિલાઈકામ કરતા યુવાન વેપારીને વાતોમાં ઊલઝાવીને તેના ઉજ્જવળ ભવિષ્યના સપનાએ દેખાડવા લાગ્યો હતો. ધુતારાની વાતમાં આવી ગયેલા યુવા વેપારી પાસેથી ધુતારાએ તેણે પહેરેલી ચાંદીની વિંટી માંગી...! વેપારીએ વિંટી કાઢીને આપી એટલે મુઠ્ઠીમાં વિંટી મુકીને હાથ ગોળ ગોળ ફેરવી વિંટી ગાયબ કરી નાંખી અને વિંટીની જગ્યાએ રાખ કરી નાખી હતી. ધુતારાએ કરેલી હાથ ચાલાકીથી વેપારી અભિભૂત થઈ ગયો અને તે રાખ ધુતારાએ એક પડીકામાં બાંધી વેપારીને પકડાવી દીધીને ત્યાંથી ચાલતી પકડી લીધી હતી. યુવા વેપારીને જતી વખતે ધુતારાએ કહ્યું કે, 'બચ્ચાં તુ બહોત તરક્કી કરેગા...!' યુવા વેપારી ખુશ થઈને ઘરે ગયો ને પિતાને આ સમગ્ર ઘટના કહી. પિતા સમજી ગયા કે સાધુના વેશમાં ધુતારો આવ્યો ને દિકરાની ચાંદીની વિંટી સેરવી ગયો. પિતા તાત્કાલિક દિકરાને લઈને સેકટર-૭માં શોપીંગ પાસે પહોંચ્યા અને સરકારી શાળા પાસેથી ચાલતા ચાલતા જતા એ ધુતારાને પકડી પાડયો હતો. તેનો થેલો તપાસ્યો તો અંદરથી વેપારીની ચાંદીની વિંટી મળી ગઈ હતી. ગભરાઈ ગયેલો ધૂતારો વિંટી આપીને ત્યાંથી ભાગી ગયો હતો. વેપારીને તેની વિંટી પાછી મળી જતા તેણે પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

હાઈ સિક્યોરીટી ઝોન મહાત્મા મંદિરમાં મોબાઈલ ચોરીના સંખ્યાબંધ બનાવ

ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમીટમાં ભીડભાડનો લાભ લઈ ગઠીયાઓ ૨૨ થી વધુ મોબાઈલ ચોરી ગયા

મહાત્મા મંદિર વિસ્તાર વિધાનસભા, નવા સચિવાલય અને મંત્રી નિવાસ જેવો જ હાઈસિક્યોરીટી ઝોન થઈ ગયો છે. આ સ્થળે સંખ્યાબંધ સીસીટીવી કેમેરાઓ લાગેલા છે. હાલ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ મહાત્મા મંદિરમાં ચાલી રહી છે. આજે આ સમીટમાં ભીડભાડનો લાભ લઈ સક્રીય ગઠીયાઓ ૨૨ થી વધુ મોબાઈલો ચોરી ગયા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. હાઈ સિક્યોરીટી ઝોનમાં પણ મોબાઈલ ચોરો સક્રિય થતા આ વિષય ચર્યાનું કેન્દ્ર બન્યો છે.

ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમીટમાં આજે પાટીદારોની ભીડ વચ્ચે મોબાઈલ ચોરતા ગઠીયાઓ પણ ઘુસી ગયા હતા. બપોરના સમયગાળામાં ભીડભાડનો લાભ લઈને ૨૨ થી વધુ મુલાકાતીઓના ખિસ્સામાંથી મોબાઈલ ગાયબ થયા હોવાની ફરિયાદ ઉઠી હતી. જો કે ૬૦-૬૦ હજારની કિંમતના બે મોબાઈલોની ચોરી મામલે સેક્ટર-૭ પોલીસે ફરિયાદ દાખલ કરી છે. બીજા ફરીયાદ કરવા ન આવ્યા હોવાનું પોલીસનું કહેવુ છે. સુરતમાં રહેતા કિર્તીભાઈ લાલજીભાઈ કેવડીયાનો રૂ. ૬૦ હજારની કિંમતનો સેમસંગ એસ.૮ અને તેમના વડોદરાના મિત્ર મહેશભાઈ જયંતિભાઈ પટેલનો રૂ. ૬૦ હજારની કિંમતનો મોબાઈલ આઈફોન પ્લસ આ સમિટમાં ચોરી થઈ ગયો હોવાની ફરિયાદ સે. ૭ પોલીસે કિર્તીભાઈની ફરીયાદ આધારે નોંધી પીએસઆઈ એફ.એમ. પરમારે વધુ તપાસ શરૂ કરી છે.

છગનભા વિજયપદ્મ રમતોત્સવમાં એથ્લેટિક્સમાં આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ચેમ્પિયન

શાળાના ૧૦ ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો છગનભા વિજયપદ્મ રમતોત્સવ કડી ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર તથા વડનગરમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓ વચ્ચે વિવિધ રમતોની ઈન્ટર સ્કૂલ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં સે. ૨ ઉની શ્રીમતિ આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ૧૦ ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો અને એથ્લેટિક્સ વિભાગમાં ચેમ્પીયનશીપ જાળવી રાખી હતી.

આ રમતોત્સવમાં આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના સાતમા ધોરણમાં અભ્યાસ કરતા ખેલાડી મંથન ત્રિવેદીએ રાયફલ શુટિંગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. ધો. ૮માં અભ્યાસ કરતા ખેલાડીઓમાં મોહિબ અહેમદ અંસારીએ બેડમિન્ટનમાં પ્રથમ ક્રમાંક, ચંદ્રેશ ગોહેલે લાંબી કૂદમાં, નિર્મલ રાઠોડે ગોળા ફેંકમાં, જ્યોતિ રાઠોડે લાંબીકૂદમાં, ખુશીયા ગામેતીએ ગોળાફેંકમાં, બંસરી ત્રિવેદીએ રાયફલ શુટિંગમાં તથા મંથન શાહે કેરમની રમતમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. આ ઉપરાંત ધો. ૮ના જ પાર્થ પટેલે કરાટેમાં અને વિશાળ ગોહેલે ૧૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન મેળવ્યુ હતું. તમામ ખેલાડીઓને શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે શાળા પરિવાર વતી ઉત્કૃષ્ઠ દેખાવ કરવા સાથે એથ્લેટિક્સ વિભાગમાં ચેમ્પિયનશીપ જાળવી રાખવા બદલ અભિનંદન પાઠવતા શુભેચ્છાઓ પણ આપી હતી.

બાઈકની અડફેટે ઘવાયેલા વૃદ્ધનું સારવારમાં મૃત્યુ

ગાંધીનગર નજીક અડાલજ પાસે આવેલા વૃદ્ધાશ્રમમાં રહેતા ૭૯ વર્ષીય જશવંતભાઈ ૧ લી જાન્યુઆરીએ અડાલજ પેટ્રોલ પંપ સામેનો રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલા અજાણ્યા બાઈકે તેમને ટકકર મારતા વૃદ્ધ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગંભીર હાલતમાં વૃદ્ધ જશવંતભાઈને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. આજે જશવંતભાઈનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટના અંગે સુરત ખાતે રહેતા મૃતકના દિકરા ધર્મેન્દ્રભાઈની ફરિયાદને આધારે અડાલજ પોલિસે ગુનો દાખલ કરીને આરોપી બાઈક ચાલક સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા આરોપી બાઈક ચાલકને શોધી કાઢવા આસપાસના સર્કલ અને પેટ્રોલપંપે લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા તજવીજ શરુ કરી છે.

જિલ્લા પંચાયતમાં ચીટનીસની જગ્યા ભરાઈ

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સીટનીસની ખાલી જગ્યા રાજ્ય સરકારે કરેલા એક હુકમને પગલે આજે ભરાવા પામી છે. ચીટનીસ કમ્ તા.વિ.અ. (જમીન-દબાણ)ની ખાલી જગ્યા પર થરાદના તાલુકા વિકાસ અધિકારી પ્રકાશભાઈ પરમારની નિમણુંક કરવાના હુકમો આજે રાજ્યના પંચાયત વિભાગે કર્યા છે. આ હુકમ સીંગલ ઓર્ડરનો છે અને પરમાર આગામી સપ્તાહમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.

ગુલઝાર એહમદ ગનાઈના કાશ્મિરી સૂફી સંગીતે શ્રોતાઓને ડોલાવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના આંગણે કાશ્મિરના મશહૂર સૂફી ગાયક ગુલઝાર એહમદ ગનાઈ પધાર્યા હતા. વિશ્વગ્રામ તથા શિવરંજની સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૧ પના કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કેમ્પસમાં મિકેનિકલ હોલ ખાતે યોજાયેલા 'સ્નેહ સંગીત સંવાદ' કાર્યક્રમમાં તેમના સૂફી સંગીતે શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા.

ગુલઝાર એહમદે તેમના કાર્યક્રમની શરૂઆત કાશ્મિરી ભાષામાં શિવજીની આરાધનાથી પ્રારંભ કર્યો હતો. તેમણે હિન્દી ફિલ્મનું મશહૂર ગીત બુમરો બુમરો ઓરિજીનલ કાશ્મિરી લોકગીત રજૂ કરતા પ્રેક્ષકો રીતસરના ડોલી ઉઠ્યાં હતા. ગુલઝાર એહમદ સાથે આવેલા સાજીંદાઓએ પણ રવાબ, સારંગી, ઘડો જેવા વાંજીત્રો સાથે ભારે જમાવટ કરી હતી. પોતાના સંગીત સાથે સાથે ગુલઝાર એહમદે

● અનુસંધાન પાના - ૭ પર